# સત્સંગ સમાચાર

## શ્રાવણ માસ નિમિત્તે સમૂહ મહાપૂજા

*** ચરોતર પ્રદેશ :** શ્રાવણ માસના પ્રથમ દિવસ-૧૨ ઑગસ્ટના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં સંતભગવંત સાહેબજીના પ્રત્યક્ષ સાંનિધ્યે યોગીપ્રસાદના સભાખંડમાં ચરોતર પ્રદેશના મુક્તોની સમૂહ મહાપૂજાવિધિ સંપન્ન થઈ. આ પાવન મહાપૂજાવિધિમાં ચરોતર પ્રદેશનાં વિવિધ મંડળોના ૧૦૮ યુગલ અક્ષરમુક્તો યજમાનપદે બિરાજ્યા અને ભક્તિભાવથી વિધિમાં જોડાયા. આચાર્ય પૂ. ગોપાલબાપા અને પૂ. બિમલભાઈએ ખૂબ ભાવપૂર્વક મહાપૂજાવિધિ સંપન્ન કરાવી, જેમાં અનુપમ સૂરવૃન્દના સંતો-યુવકોએ સૂર અને તાલ પુરાવ્યા. યુવાન દીકરીઓએ ઋષિકન્યા સ્વરૂપે સેવા અર્પણ કરી સમગ્ર વ્યવસ્થા જાળવી. મહાપૂજા દરમિયાન સદ્ગુરુ સંત પૂ. શાંતિદાદા દ્વારા લિખિત સંકલ્પને ઝીલી સૌએ તે મુજબનાં સમર્પણ કરવાના ભાવ ધર્યા.

ત્યારબાદ ચરોતર પ્રદેશનાં ધોરણ ૧થી ૧૨ સુધીના અભ્યાસમાં સર્વોચ્ચ દેખાવ કરનાર પ્રતિભાસંપન્ન દીકરા-દીકરીઓને 'પ.પૂ. સોનાબા કેળવણી કૌશલ્ય પુરસ્કાર'થી સન્માનિત કરાયાં. આ પ્રસંગે પધારેલ લોકનેતા શ્રી સી. ડી. પટેલે પ્રાસંગિક વક્તવ્યમાં સૌને પુરુષાર્થ અને ભક્તિ અંગેનું પ્રોત્સાહન પૂરું પાડ્યું. અમેરિકાથી પરત પધારેલ હરેનભાઈએ પરદેશમાં અનુપમ મિશનના માધ્યમથી થતાં સેવારૂપ ભક્તિકાર્યો અને ત્યાંના ભક્તોની ભક્તિની માહાત્મ્યયુક્ત વાતો કરી. પૂ. રતિકાકાએ આશીર્વાદ અર્પી સૌ વિદ્યાર્થીઓ, તેઓનાં માતા-પિતાને શુભેચ્છાઓ પાઠવી. સંતના વચને સેવાઓ કરી, સર્વસ્વનાં સમર્પણ ધરી, પ્રભુનું કાર્ય, પ્રભુની રીતે કેવળ પ્રભુને રાજી કરવાની સૂઝ અને પ્રેરણા સંતભગવંત સાહેબજીએ આશીર્વાદમાં વરસાવી. ◆

*** અનુપમ મિશન, ખારઘર-નવી મુંબઈ :** અનુપમ મિશન સૉશ્યલ વૅલફૅર સૅન્ટર, ખારઘર મંદિરે ૧૯ ઑગસ્ટ ને રવિવારના રોજ શ્રાવણ માસની સમૂહ મહાપૂજાનું આયોજન કરાયું. આ પ્રસંગે મુંબઈ પ્રદેશના સૌ ભક્તોને લાભ આપવા માટે અનુપમ મિશન, મોગરીથી પૂ. ઉમેશભાઈ, પૂ. યજ્ઞેશભાઈ, પૂ. શ્રેયસભાઈ આદિ સંતો પધાર્યા. બહેનો અને યુવતીઓએ સમૂહ મહાપૂજાનું સુવ્યવસ્થિત આયોજન કર્યું અને યુવાનોએ અન્ય સઘળી વ્યવસ્થાઓ સંભાળી. દીપકભાઈ અધ્વર્યુએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું. પૂજા પ્રારંભે સ્થાનિક સંતો પૂ. દિનેશભાઈ અને પૂ. હરિભાઈએ આચાર્યપદે બિરાજમાન યુવકોનાં પૂજન કરી પૂજાવિધિ કરાવવાનો અધિકાર આપ્યો. મુખ્ય યજમાનપદે જગતભાઈ-ચારુબહેન બિરાજ્યાં. યુવકોએ પૂજાવિધિની ઝીણવટભરી સમજ આપી, શાસ્ત્રોક્ત રીતે મહાપૂજા કરાવી સૌને ભક્તિભાવમાં તરબોળ કર્યાં. પૂ. શાંતિદાદા લિખિત શુભ સંકલ્પ ઝીલી સૌએ ધૂન કરી. સંતભગવંત સાહેબજીએ ફૉન પર મંડળના મુક્તોની ભક્તિને બિરદાવી સૌને સુખિયા થવાના આશીર્વાદ આપ્યા. જગતભાઈએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું. પૂ. દિનેશભાઈ, પૂ. યજ્ઞેશભાઈના હસ્તે મુંબઈનાં બાળપુષ્પોને પરીક્ષામાં ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરવા બદલ 'પ.પૂ. સોનાબા કેળવણી કૌશલ્ય પુરસ્કાર'થી સન્માનિત કરાયાં. ◆

*(દીપક અધ્વર્યુના અહેવાલ પરથી સંકલિત.)*

*** અમદાવાદ :** શ્રાવણ માસ નિમિત્તે ૧૯ ઑગસ્ટના રોજ અમદાવાદ પ્રદેશની સમૂહ મહાપૂજા અનુપમ મિશનના ઉપાસનાધામમાં યોજાઈ. આ પ્રસંગે પૂ. ગૌતમભાઈ, અનુપમ મિશન, મોગરીથી પધારેલ સંતો-પૂ. ગોવિંદભાઈ, પૂ. ભરતભાઈ, પૂ. દિવ્યેશભાઈ, પૂ. સતીશભાઈ, પૂ. ઉત્પલભાઈનું સાંનિધ્ય પ્રાપ્ત થયું. પૂ. ઉત્પલભાઈ અને સૂરવૃંદના ભક્તોએ દિવ્ય મહાપૂજાવિધિ કરાવી, જેને માણી, સહભાગી બની, સૌ ધન્ય બન્યાં. પૂ. ગોવિંદભાઈ અને પૂ. ભરતભાઈએ મહાપૂજા વિધિ દરમિયાન આશીર્વાદ સ્વરૂપે પાવન જળવર્ષા કરી. પૂ. સતીશભાઈ, પૂ. દિવ્યેશભાઈએ દાસ થવાની સુંદર સમજ આપી આશીર્વાદ વરસાવ્યા. સૌ ભક્તોએ ભેગાં મળી અદ્ભુત ભક્તિ અદા કરી. ◆





સંતોના સાંનિધ્યે ખારઘર-નવી મુંબઈ સ્થિત મંદિરે તેમજ ઉપાસનાધામ-અમદાવાદ મંદિરે શ્રાવણી સમૂહ મહાપૂજા

* સુરત : ૨૬ ઑગસ્ટના રોજ અનુપમ મિશનના સુરત કેન્દ્રના અક્ષરમુક્તોએ ભેગા મળી શ્રાવણ માસની સમૂહ મહાપૂજાનાં સુંદર આયોજન કર્યાં. કાનજીબાપાનાં માર્ગદર્શને અનેક અક્ષરમુક્તોએ મહાપૂજામાં યજમાનપદે બિરાજી પ્રાર્થનાભાવ અર્પણ કર્યા. રાજુભાઈ ગોટી અને રોહિતભાઈએ આચાર્યપદે બિરાજી મહાપૂજાવિધિ કરાવી. આ પ્રસંગે પૂ. શાંતિદાદાના પ્રાગટ્યદિનની ઊજવણી પણ સંપન્ન થઈ. રાજુભાઈ, બિમલભાઈ સુખડિયા આદિએ પ્રસંગોચિત માહાત્મ્યગાન કરી ભક્તિ અદા કરી. કાનજીબાપાએ આશીર્વાદ આપી સૌની ભક્તિને બિરદાવી. ◆

* ગુરુસભા, મોગરી : ૧૬ ઑગસ્ટના રોજ શ્રાવણ માસ નિમિત્તે અનુપમ મિશન, મોગરીમાં ગુરુવારે થતી યુવાનોની સભામાં સમૂહ મહાપૂજાનું આયોજન થયું. ૧૫૦ જેટલા યુવાનોએ યજમાનપદે બિરાજી મહાપૂજા વિધિનો લાભ લીધો. યુવાનોએ જ આચાર્યપદે બિરાજી શાસ્ત્રોક્ત ઢબે સંગીતના સૂર-તાલે મહાપૂજાવિધિ કરાવી. સંતભગવંત સાહેબજી, પૂ. રતિકાકા ને સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં મહાપૂજા સંપન્ન થઈ. મહાપૂજા બાદ ગુરુસભાના સંચાલક સંતશ્રી પૂ. યજ્ઞેશભાઈના પ્રાગટ્યદિનની ઊજવણી કરવામાં આવી. ◆

## પ.પૂ. સોનાબા જયંતીપર્વે વંદના !

શ્રાવણ સુદ બીજ, ૧૩ ઑગસ્ટના રોજ પ.પૂ. સોનાબા પ્રાગટ્યદિન નિમિત્તે બ્રહ્મજ્યોતિ, મોગરી સ્થિત તેઓના સમાધિસ્થાને મંગળા આરતી બાદ સદ્‌ગુરુ સંતો સાથે વ્રતધારી સંતો અને અક્ષરમુક્તોએ ભેગા મળી પ્રાર્થના-વંદના ધરી. સંધ્યા આરતી બાદ માહાત્મ્યદર્શન સભામાં દિવ્યેશભાઈ ચપલા, પૂ. અર્પિતભાઈ, પૂ. યજ્ઞેશભાઈ, પૂ. પરેશભાઈ, પૂ. દિલીપભાઈ આદિએ માહાત્મ્યગાન કરી પ.પૂ. સોનાબાના દિવ્ય સ્વરૂપની અદ્‌ભુત ઝાંખી કરાવી. સંતભગવંત સાહેબજીએ આશિષ વરસાવી પૂ. સોનાબાના નિર્વ્યાજ, નિઃસ્વાર્થ, નિર્મળ પ્રેમને વર્ણવી આશીર્વાદ આપી સૌને કૃતાર્થ કર્યા. ◆

## ભારતનો ૭૨મો સ્વાતંત્ર્યદિન

* યોગી વિદ્યાપીઠ, મોગરી : શિક્ષણ સાથે સંસ્કારસંવર્ધન કરતી મોગરી સ્થિત યોગી વિદ્યાપીઠ પ્રેરિત વિવિધ વિદ્યાશાખાઓ ‘આનંદ બાલવાડી’, ‘મિત્ર પુનર્વસન કેન્દ્ર’, ‘જ્ઞાનયજ્ઞ વિદ્યાલય’, ‘ઈન્ફર્મેશન ટૅકનોલૉજી સૅન્ટર’, ‘અક્ષરપુરુષોત્તમ ટૅક્નિકલ ઈન્ટિટ્યૂટ’ દ્વારા ભારતનો ૭૨મો સ્વતંત્રતા દિવસ ભવ્ય રીતે ઉજવાયો. સંતભગવંત સાહેબજી, યોગી વિદ્યાપીઠના કુલગુરુ પૂ. ડૉ. રતિકાકા, અનુપમ મિશનના સંતો, મહેમાનો, વાલીઓ તેમજ સૌ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં મંચસ્થ મહાનુભાવો આણંદના સેવાભાવી ઈ.એન.ટી. સર્જન ડૉ. મેહુલભાઈ પટેલ, આંખના જાણીતા સર્જન ડૉ. નિશાંતભાઈ પટેલ દ્વારા તિરંગાને અંતરિક્ષમાં લહેરાવવામાં આવ્યો ત્યારે સૌએ રાષ્ટ્રગીતના ગાન સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી કૃતકૃત્યતા અનુભવી. ડૉ. મેહુલભાઈએ પ્રસંગોચિત સુંદર ઉદ્‌બોધન કર્યું.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભૂલકાંઓની પ્રસ્તુતિ નિહાળી સંતભગવંત સાહેબજીએ સંતોષ વ્યક્ત કર્યો અને આશીર્વાદ આપતાં જણાવ્યું કે, 'ભગવાને આપેલ અદ્‌ભુત શક્તિઓ ઓળખી, મઠારીને બાળકોને સારા નાગરિકો બનાવી સમાજને અર્પણ કરવાં એ પ્રભુ પ્રત્યેની પરમ ભક્તિ છે. શિક્ષકો અને મા-બાપ બંને મળી બાળકોને સુંદર કેળવણી આપે અને દેશને સરસ બનાવવા જીવન જિવાય એ માટે પ્રભુ તન-મન-ધન ને આત્માથી સૌને સુખી રાખે એવી પ્રાર્થના !' માતૃવંદના તથા દેશભક્તિ ગીત શાસ્ત્રીય રાગોમાં રજૂ કરી જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના ધોરણ ૩થી ૫ના વિદ્યાર્થીઓએ સૌના હૈયામાં દેશદાઝ જગાવી. ધોરણ ૬થી ૮નાં બાળકોએ પ્રસ્તુત કરેલ પ્રાસંગિક નૃત્યસંયોજનને સૌએ બિરદાવ્યું. મિત્રનાં ભૂલકાંઓએ પણ સુંદર નૃત્યસંયોજન રજૂ કરી સૌને મુગ્ધ કરી દીધાં. ધોરણ ૭ના વિદ્યાર્થી નમ્ર પટેલે જોશીલું વક્તવ્ય આપી સહુને દેશપ્રેમથી ભીંજવી દીધાં.

આ પ્રસંગે યોગી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાશાખાઓના તેજસ્વી વિદ્યાર્થીઓનું ‘શ્રી મોહનભાઈ શેઠ સ્મૃતિ પુરસ્કાર’ એનાયત કરી બહુમાન કરવામાં આવ્યું. પૂ. રતિકાકાએ આમંત્રિત મહેમાનોને સ્મૃતિચિહ્ન પાઠવી



અનુપમ મિશન, સુરત કેન્દ્રમાં શ્રાવણી સમૂહ મહાપૂજામાં વહેતી ભક્તિ



પ.પૂ. સોનાબા પ્રાગટ્યપર્વે તેઓના સમાધિસ્થાને પ્રાતઃવંદના અર્પણ

અભિવાદન કર્યાં. જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના ચિ. તરલ ગોહેલ (ધોરણ ૮) અને ચિ. સંસ્કૃતિકું વરબા પરમાર (ધોરણ ૭) એ સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું. ◆

*** શારદા મંદિર, નડીઆદ :** શારદા મંદિર : અનિતાબહેન દેવાંગભાઈ પટેલ (ઈપ્કોવાળા) ડે સ્કૂલ, નડીઆદ દ્વારા ભારતના ૭૨મા સ્વાતંત્ર્યદિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ શુભ પ્રસંગે સમારંભના પ્રમુખશ્રી પૂ. સુનીલભાઈ પંડ્યા, મુખ્ય અતિથિ શ્રી ધનંજયભાઈ શાહ (ક્રિશ્રા ઑફસૅટ પ્રિન્ટર્સ, નડીઆદ) ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમના શુભારંભમાં ધોરણ-૫ નાં બાળકો દ્વારા માતૃવંદના નૃત્યસંયોજન પ્રસ્તુત કરવામાં આવ્યું. શ્રી ધનંજયભાઈના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું ને ત્યારબાદ તેઓએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. શાળામાં સર્જનાત્મક પ્રવૃતિ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા. દેશભક્તિ ગીતનાં ગાન થયાં. ધોરણ ૮ના વિદ્યાર્થી મોમીન સુથાર નાસીરહુસૈન તથા ધોરણ ૧૧ની વિદ્યાર્થિની મિસ્ત્રી કૃપાએ પ્રસંગોચિત વક્તવ્ય રજૂ કરી દેશભક્તિ અદા કરી. પૂ. સુનીલભાઈ પંડ્યાએ સૌને પ્રસંગોચિત શુભેચ્છા સંદેશ પાઠવ્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધોરણ ૯ની પ્રજાપતિ રિતુએ અને ઈનામ વિતરણનું સંચાલન ધોરણ ૯ના શર્મા હર્ષે કર્યું. ◆

*** ધારી :** અનુપમ મિશન સંચાલિત યોગીજીમહારાજ મહાવિદ્યાલય, ધારીમાં ૭૨મા સ્વાતંત્ર્યપર્વની ઉજવણી ઉલ્લાસપૂર્વક કરવામાં આવી. પૂ. અરુણભાઈ, ડૉ. જસાણીસાહેબ, પ્રિન્સિપાલ દવેસાહેબ, ડૉ. છાયાબહેન પારેખની ઉપસ્થિતિમાં ડૉ. જસાણીસાહેબ તથા પૂ. અરુણભાઈના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. આ પ્રસંગે સંસ્થાનાં અધ્યાપક ભાઈઓ-બહેનો, બિનશૈક્ષણિક કર્મચારીઓ, વિદ્યાર્થિનીઓ, નગરજનો ઉપસ્થિત રહ્યાં ડૉ. જસાણીસાહેબ અને દવેસાહેબે પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સૌને રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રભક્તિની પ્રેરણા આપી. તૃતીય વર્ષ-બી.કૉમ.ની વિદ્યાર્થિની ધ્વનિકા ગોંડલિયાએ દેશભક્તિ ગીત રજૂ કરી સૌને દેશપ્રેમમાં રસતરબોળ કર્યાં. ◆

*** શિણાય-કચ્છ :** યોગી વિદ્યાપીઠના શિણાય સ્થિત 'નીલકંઠવર્ણી બાલવાડી' અને 'નીલકંઠવર્ણી વિદ્યાલય'ના વિદ્યાર્થીઓએ ભારતના સ્વાતંત્ર્યપર્વની ઉમંગભેર ઉજવણી કરી. શાળાનાં આચાર્યા અમીબહેને ત્રિરંગા ધ્વજને મુક્ત ગગનમાં લહેરાવ્યો. ધોરણ-૬ની વિદ્યાર્થિનીઓએ દેશદાઝ જગાડતા દેશભક્તિ ગીત પ્રસ્તુત કર્યાં તેમજ શાળાના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા રાષ્ટ્રભક્તિ અદા કરી. ◆

## સંતભગવંત સાહેબજીના શ્રીમુખે શ્રાવણી પારાયણ

પવિત્ર શ્રાવણ માસમાં સૌને ભક્તિભાવથી રસતરબોળ કરવા સંતભગવંત સાહેબજીના આશીર્વાદ ને પ્રેરણાથી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં શ્રાવણી પારાયણનાં આયોજન થયાં. ઘણાં વર્ષો બાદ શ્રાવણ માસ દરમિયાન સંતભગવંત સાહેબજી ભારતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત હોઈ સૌને દિવ્ય લાભ પ્રાપ્ત થાય તેવાં આયોજન સંતોએ કર્યાં. પારાયણનો વિષય નક્કી કરાયો : '**અમારી અધ્યાત્મ જીવન યાત્રા.**' સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની આધ્યાત્મિક જીવનયાત્રા અનુપમ છે, અમૃતસમ છે, જીવનને અધ્યાત્મરંગે ભરી દે તેવી છે, જેના દરેક પ્રસંગમાંથી સાધનામાર્ગે બળ મળે, ભક્તો અનેરી આધ્યાત્મિક પ્રાપ્તિ પામી શકે. આ જીવનયાત્રા ગુરુભક્તિની અપ્રતિમ ગાથા છે. વળી, સંતભગવંત સાહેબજી તેનાં વર્ણન સ્વયં કરવાના હોય તો સ્વાભાવિક જ ભક્તોની મેદની છલકાય !

આ પારાયણ ૧૮થી ૨૫ ઑગસ્ટ દરમિયાન પારમિતા મંદિરે યોજાયું, જેમાં સ્થાનિક મોગરી, વલ્લભવિદ્યાનગર, આણંદના અક્ષરમુક્તો સહિત વડોદરા, અમદાવાદ, વેમાર આદિ અનેક મંડળોના મુક્તો મોટી સંખ્યામાં પધાર્યા. પારાયણ પ્રારંભે ડૉ. મનોજભાઈ સોનીએ પારાયણની પૂર્વભૂમિકા સમજાવી અને ત્યારબાદ સંતભગવંત સાહેબજીએ દિવ્ય પરાવાણી વહાવી. દરરોજ સાંજે ૮:૦૦ વાગ્યે પારાયણનો આરંભ થાય પછી સતત અઢી કલાકથી વધુ સમય સુધી સાહેબજી પોતાની લાક્ષણિક શૈલીમાં પરાવાણી વહાવે ત્યારે સમય ક્યાં જતો રહે તેનો કોઈને અંદાજો જ ન રહે ! તેઓની સરવાણી ગૂંચવણ ઉકેલે, મૂંઝવણ દૂર કરે અને સુખ બક્ષે. તેમના જીવનના પ્રસંગોમાં વહેતી નિતાંત ગુરુભક્તિ, પ્રભુનિષ્ઠાની અડગતા અપૂર્વ પ્રેરણાથી ભરી દે. આવો દિવ્ય લહાવો એક અઠવાડિયા સુધી સૌને પ્રાપ્ત થયો અને હવે સદ્‌ગુરુ સંતોની ઉપસ્થિતિમાં શરદ પૂનમ, દિવાળી ઉત્સવ દરમિયાન અને આખુંય વર્ષ પ્રાપ્ત થશે તેવી સાહેબજીએ જાહેરાત કરી. બ્રહ્મજ્યોતિ, મોગરીમાં મંદિર બને ત્યાં સુધી સૌનાં અંતર પણ મંદિરરૂપ બને અને તેમાં પ્રભુ બિરાજી જાય તેવા આધ્યાત્મિક ઉત્થાન માટે આવી પારાયણ વારંવાર કરવા સાહેબજીએ પ્રેરણા આપી. ◆

## રક્ષાબંધન પર્વ

સંતભગવંત સાહેબજીની દિવ્ય ઉપસ્થિતિમાં ૨૬ ઑગસ્ટના રોજ શ્રી ઠાકોરજી સમક્ષ પારમિતા મંદિરે રક્ષાબંધન પર્વ ઉજવાયું. આ પ્રસંગે અનુપમ મિશનના વ્રતધારી સંતોના સાંનિધ્યે મોટી સંખ્યામાં પધારેલ સ્થાનિક ભક્તોને આશિષ અર્પી રક્ષાસૂત્ર બાંધવા માટે શ્રી ગુણાતીત જ્યોતમાંથી સંત બહેનો પૂ. ડૉ. વીણાબહેન, પૂ. ડૉ. નીલમબહેન આદિ પધાર્યાં. આ પ્રસંગે પૂજન, પુષ્પાર્પણ થયા બાદ શિલ્પાબહેન (યુ.એસ.એ.), અમીબહેન, ઊર્મિફોઈ આદિએ પ્રાસંગિક માહાત્મ્યગાન કર્યાં. સંત બહેનો પૂ. ડૉ. વીણાબહેન અને પૂ. ડૉ. નીલમબહેને આશીર્વાદ અર્પી સૌને કૃતાર્થ કર્યાં. સંતભગવંત સાહેબજીએ પર્વની માર્મિક સમજ આપી આશીર્વાદની વર્ષા કરી સૌને ધન્ય કર્યાં. ◆

## સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા પ્રાગટ્યદિન

*** બ્રહ્મજ્યોતિ, મોગરી :** શાંતિદાતા સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાના ૭૭મા પ્રાગટ્યપર્વની માહાત્મ્યભરી ઉજવણી ૨૭ ઑગસ્ટના રોજ પારમિતા મંદિરમાં શ્રી ઠાકોરજીમહારાજની દિવ્ય સંનિધિમાં કરવામાં આવી. પૂ. શાંતિદાદાની મૂર્તિનું પૂજન કરી, પુષ્પહાર અર્પણ કરી હૃદયવંદના ધરાઈ. સીમાબહેન, ઊર્જાબહેન, નરસીદાસ, મિલનકુમાર, અમૃતભાઈ આદિ અક્ષરમુક્તોએ

માહાત્મ્યગાન કરી ભક્તિ અદા કરી. સાધનામાર્ગે થયેલા પૂ. શાંતિદાદા સાથેના સુખદ અનુભવો, પૂ. શાંતિદાદાએ કરેલી નિઃસ્વાર્થ પ્રાર્થનાઓ અને તેના પરિણામે પ્રાપ્ત થયેલ શાંતિ અને સુખની અનુભૂતિનાં વર્ણન પૂ. અર્પિતભાઈ, પૂ. રમેશભાઈ ઝાલાવાડિયા આદિ સંતોએ કર્યાં. પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવ્યા અને પૂ. શાંતિદાદાના માહાત્મ્યની વાતો કરી તેઓના યથાર્થ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. સૌ કોઈ આનંદે વિભોર બની ધન્ય બન્યાં. ◆

### બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પપ્પાજી પ્રાગટ્યપર્વ

ગુણાતીત સમાજના લાડીલા પ્રાણપુરુષ પ.પૂ. પપ્પાજીના પ્રાગટ્યપર્વે સંતભગવંત સાહેબજી સહિત સૌ સંતો-અક્ષરમુક્તોએ હૃદયવંદના અર્પણ કરી. ૧ સપ્ટેમ્બરના રોજ પ.પૂ. પપ્પાજી સમાધિસ્થાન શાશ્વતધામ-પપ્પાજી તીર્થ પર પધારી સૌએ ભાવવંદના ધરી. સંતભગવંત સાહેબજીની નિશ્રામાં અનુપમ સૂરવૃંદના સંતો અને યુવાનોએ કીર્તનભક્તિ અર્પણ કરી. સદ્‌ગુરુ સંતો પૂ. પૂનમદાદા અને પૂ. રતિકાકાએ સંસ્મરણો વાગોળી માહાત્મ્યવંદના ધરી. સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ પ્રદાન કરી પ.પૂ. પપ્પાજીને શાશ્વત પ્રગટ રાખવાની સમજ આપી. આ પ્રસંગે સ્થાનિક ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. શ્રી ગુણાતીત જ્યોતનાં સંત બહેનોએ પધારી સૌની ભક્તિને બિરદાવી. પપ્પાજી તીર્થમાં નિર્મિત સંતો માટેના નૂતન આવાસ 'પ્રાણેશ'માં પ્રતિષ્ઠિત મંદિરની મૂર્તિઓની આરતી સંતભગવંત સાહેબજીએ અર્પણ કરી સૌને સ્મૃતિ આપી. પ્રસાદ લઈ સૌ વિસર્જિત થયાં. ◆

### જન્માષ્ટમી ઉત્સવ

*** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી :** ૩ સપ્ટેમ્બર, જન્માષ્ટમી- શ્રી કૃષ્ણ પરમાત્માના પ્રાગટ્યદિનની ઉમંગભરી ઉજવણી પારમિતા મંદિરે સંતભગવંત સાહેબજીની પ્રત્યક્ષ સંનિધિમાં સંપન્ન થઈ. આ પ્રસંગે મંદિરમાં સુશોભિત હિંડોળમાં શ્રી કૃષ્ણ ભગવાનની મૂર્તિ પધરાવાઈ, જેને અનેક ભક્તોએ ભાવથી ઝુલાવી ભક્તિ અદા કરી. અનુપમ સૂરવૃંદના સંતો અને યુવાનોએ સભામાં સુમધુર કીર્તનો રજૂ કરી સૌને શ્રીકૃષ્ણભક્તિમાં લયલીન કરી દીધાં. સંતભગવંત સાહેબજીએ પ્રસન્નતા વરસાવી આશીર્વાદ દીધા અને ભગવાન શ્રી કૃષ્ણના એકાંતિક ધર્મ સ્થાપન કરવાના સંકલ્પને ભગવાન શ્રી સ્વમિનારાયણ દ્વારા સાકાર કરાયો તેની વિસ્તૃત સમજ આપી સૌને ધન્ય કર્યાં. અંતે સમૂહ આરતીનો લાભ લઈ સૌ ભક્તિભાવે પરિતૃપ્ત થયાં. સભા બાદ યુવાનો દ્વારા યોજિત મટકીફોડ કાર્યક્રમનો આનંદ સૌએ માણ્યો. ◆

*** ઉપાસનાધામ, અમદાવાદ :** ૩ સપ્ટેમ્બરે રાત્રે જન્માષ્ટમી પર્વ ભક્તિભાવ અને મહિમાસભર રીતે ઉજવાયું, સાથે અમદાવાદ પ્રદેશની માસિક કીર્તનસંધ્યા પણ યોજાઈ. શ્રી કૃષ્ણ મહિમાનાં કીર્તનો ગવાયાં. પૂ. ઉત્પલભાઈનાં માર્ગદર્શને સૂરવૃંદે કીર્તનોની ભાવપૂર્ણ રમઝટ બોલાવી. પૂ. સુરેશભાઈ દવે અને પૂ. સતીષભાઈએ પ્રસંગોચિત મહિમાગાન કરી આશીર્વાદ આપ્યા. આ પ્રસંગે આશરે ૩૦૦ જેટલા ભક્તોએ લાભ લીધો. ◆

*** માણાવદર :** પ્રાસાદિક તીર્થધામ માણાવદરમાં સંતોના સાંનિધ્યે જન્માષ્ટમી અને શ્રાવણ માસ નિમિત્તે ૧થી ૩ સપ્ટેમ્બર-ત્રિદિવસીય સત્સંગ કાર્યક્રમોનાં સુંદર આયોજન થયાં. અનુપમ મિશન, મોગરીથી પૂ. દિલીપભાઈ, પૂ. ડૉ. ભરતભાઈ, પૂ. દિવ્યેશભાઈ, પૂ. રમેશભાઈ, પૂ. અનિલભાઈ, પૂ. ઘનશ્યામભાઈ દેસાઈ આદિ સંતો પધાર્યા. પૂ. દિવ્યેશભાઈએ 'સ્વામીની વાતું' અને 'વચનામૃત'નાં પારાયણ કર્યાં. પૂ. દિલીપભાઈએ પણ દિવ્ય સત્સંગલાભ આપ્યો. પ.પૂ. પપ્પાજીનો પ્રાગટ્યદિન ઉજવાયો. શ્રી કૃષ્ણ જન્માષ્ટમી નિમિત્તે સુંદર કીર્તન આરાધના અને મટકીફોડ કાર્યક્રમ યોજી સૌએ ભક્તિ અદા કરી. આ પ્રસંગે અ.નિ. સંત પૂ. રજનીભાઈના અસ્થિ વિસર્જનના કાર્યક્રમ નિમિત્તે અમદાવાદથી સંતશ્રી પૂ. ગૌતમભાઈ સાથે ૭૦ જેટલા ભક્તો પધાર્યા ને સાથે સ્થાનિક ભક્તો પણ જોડાયા. ગોંડલમાં ગોંડલી નદીમાં તેમજ જૂનાગઢમાં દામોદર કુંડમાં અસ્થિવિસર્જન કર્યાં. સઘળા કાર્યક્રમો દરમિયાન પૂ. રણછોડભાઈ, પૂ. દિનેશભાઈ, પૂ. અશોકભાઈ, પૂ. દીપુભાઈ આદિ સંતોનાં માર્ગદર્શન હેઠળ યુવાનો-યુવતીઓએ ખૂબ સેવાઓ કરી સંતોનો રાજીપો પ્રાપ્ત કર્યો. ◆

### સદ્‌ગુરુ સંત પૂ. પૂનમદાદા અને સંતોની દક્ષિણભારતની ધર્મયાત્રા

દક્ષિણ ભારતમાં ચૈન્નાઈ, સેલમ, કોઈમ્બતુર, બૅન્ગ્લૉર તેમજ હૈદરાબાદ આદિ શહેરોમાં સમૂહ મહાપૂજાનાં આયોજન થયાં. સંતભગવંત પ.પૂ. સાહેબજીના આશીર્વાદ સાથે સદ્‌ગુરુ સંત પૂ. પૂનમદાદા, પૂ. ગોપાલદાદા, પૂ. પીટરભાઈ તેમજ પૂ. પંકજભાઈને સાહેબજીએ આ ભક્તિકાર્યક્રમોમાં સહભાગી બનવા ૧૭ ઑગસ્ટના રોજ દક્ષિણ ભારતની ધર્મયાત્રાએ મોકલ્યા.

પ્રોમિસભાઈ અને રક્ષિતાબહેનનાં માર્ગદર્શન મુજબ ચેન્નઈમાં શ્રી સત્યનારાયણ મંદિરના હૉલમાં ૩૫ જેટલા યુગલ મુક્તોએ, સેલમમાં રણછોડભાઈ, રાકેશભાઈનાં માર્ગદર્શન મુજબ જલારામ મંદિરના હૉલમાં ૩૦ જેટલા યુગલ મુક્તોએ, કોઈમ્બતુરમાં ઉદયનભાઈ અને નયનાબહેનના ઘરના હૉલમાં લગભગ ૧૨ જેટલા યુગલ મુક્તોએ અને હૈદરાબાદમાં સંજયભાઈ અને દશરથભાઈનાં માર્ગદર્શન મુજબ સૅટેલાઈટ ટાઉનશિપ ક્લબના હૉલમાં લગભગ ૩૬ જેટલા યુગલ મુક્તોએ સમૂહ મહાપૂજામાં યજમાનપદે બિરાજીને લાભ લીધો. દરેક કેન્દ્ર પર પૂ. ગોપાલદાદાએ તેઓની અદ્‌ભુત શૈલીમાં સમૂહ મહાપૂજા સાથે સત્સંગનો સૌને લાભ આપ્યો. પૂ. પીટરભાઈએ મહિમાગાન કર્યાં અને પૂ. પૂનમદાદાએ આશીર્વાદ અર્પણ કર્યા. બૅન્ગ્લૉરમાં સૌ ઘણા લાંબા અંતરે નિવાસ કરતાં હોવાથી ત્યાં ભક્તોના ઘરે જઈને મહાપૂજાઓ કરી. કમિશ્નરશ્રી અંજનીકુમારના ઘરે સત્સંગસભાનું આયોજન કર્યું ત્યારે ઘણા ભક્તોએ સત્સંગલાભ લીધો. સમગ્ર યાત્રા દરમિયાન દરેક કેન્દ્ર ઉપર હરિભક્તોના ઘરે તેમજ તેઓનાં વ્યવસાયનાં સ્થળોએ પધરામણી કરી, ધૂન-પ્રાર્થનાઓ કરી. સૌને સત્સંગના સુખની લ્હાણી કરી સંતો ૧ સપ્ટેમ્બરના રોજ બ્રહ્મજ્યોતિ પધાર્યા ત્યારે સાહેબજીએ સૌ ઉપર અંતરની પ્રસન્નતા વરસાવી. ◆